# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-10-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Wedenesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

આકાશવાણી સમાચાર વિભાગ તરફથી સૌને નૂતનવર્ષા અભિનંદન..

1) સમગ્ર રાજ્યમાં નવા વર્ષની ઉમંગ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી

2) નૂતન વર્ષના પ્રારંભે રાજયના તમામ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ

3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નૂતન વર્ષની રાજયના તમામ નાગરિકોને શુભેચ્છા પાઠવી.

4) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગૃહમંત્રી અમિત શાહના જન્મદિવસની ઉજવણી નિમિત્તે 1500 સફાઇ કામદારોને ભોજન કરાવ્યું.

5) રાજયની ઇમરજન્સી હેલ્પલાઇન સેવા 112ને ઓછા સમયમાં ઘટનાસ્થળે પહોંચવામાં સફળતા મળી.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## New Year celebration

સમગ્ર રાજ્યમાં આજે નવા વર્ષની હર્ષોલ્લાસના વાતાવરણમાં ઉજવણી થઇ રહી છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ..

(વોઈસ કાસ્ટ- અજય ઇન્દ્રેકર)

*સમગ્ર રાજ્યમાં આજે વિક્રમ સંવત 2082 નો અનેક આશાઓ અને અરમાનો સાથે પ્રારંભ થયો. નવા વર્ષના દિવસે રાજ્યના મોટાભાગના મંદિરોમાં દર્શન કરવા માટે શ્રદ્ધાઓની ભીડ સવારથી ઉમટી પડી હતી. લોકો નવા કપડાં પહેરીને એકબીજાને ગળે મળીને મીઠાઈ ખવડાવીને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે . આગામી વર્ષમાં નાણાકીય વૃદ્ધિ માટે દેવી લક્ષ્મીના આશીર્વાદ મેળવવા માટે વેપારીઓએ નવા હિસાબી ચોપડાઓની પૂજા કરી.*

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નેતૃત્વ હેઠળની સરકારે જીએસટીમાં ઘટાડો કરતા કરોડો દેશવાસીઓ એ દિવાળીના તહેવારો પર મન મૂકીને જરૂરી ચીજ વસ્તુઓની ખરીદી કરી હતી અને લોકલ ફોર વોકલના સૂત્રને સાર્થક કર્યું હતું. આજથી શરૂ થતું નવું વર્ષ રાજ્યના આર્થિક વિકાસ તેમજ આત્મનિર્ભર ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જશે એવી આશા છે. અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર અમદાવાદ..*

## Pilgrimage New Year

દેવભૂમિ દ્વારકામાં નવા વર્ષે દર્શન કરવા માટે આજે ભક્તોની અવિરત ભીડ ઉમટી રહી છે. નવા વર્ષનો આરંભ ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદથી કરવાની સદીઓ જૂની પરંપરા અનુસાર દેશ-વિદેશમાંથી ભક્તો દ્વારકા ધામે આવી પહોંચ્યા છે. સવારથી જ દ્વારકાધીશના જગત મંદિરે ભાવિકોની ભીડ જોવા મળી રહી છે.

નવા વર્ષના દિવસે અંબાજી મંદિર ટ્રસ્ટને સોનાનું દાન મળ્યું. એક ભક્ત દ્વારા અંદાજે 13 લાખ રૂપિયાની કિંમતનું 100 ગ્રામ સોનાનું દાન કર્યું હતું.

સોમનાથ મહાદેવને શાંતિના પ્રદાતા અને કલ્યાણના દેવતા તરીકે ઓળખવામાં આવે છે. આ શુભ દિને ભક્તોએ વ્યક્તિગત સુખ-સમૃદ્ધિની સાથે સાથે સમગ્ર વિશ્વના કલ્યાણ અને સુખની પ્રાર્થના કરી હતી. વર્ષના પ્રથમ શૃંગાર અને પ્રાતઃ આરતીના

દિવ્ય દર્શન કરીને શ્રદ્ધાળુઓએ આવનારું વર્ષ શાંતિ , પ્રગતિ, સુખાકારી અને નિરામય આયુષ્ય લઈને આવે તેવી કામના કરી હતી.

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં આજે , વિક્રમ સંવત ૨૦૮૨ના પ્રથમ દિવસે , ભક્તોનો અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટ્યો હતો. નવા વર્ષના મંગલ પ્રારંભે સોમનાથ મહાદેવના દર્શન અને પ્રાતઃ આરતીનો લાભ લેવા માટે દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને શિવજીને શીશ નમાવી ધન્યતા અનુભવી હતી. આ અંગે એક શ્રદ્ધાળુએ પોતાનો અભિપ્રાય આપ્યો.

(બાઈટ-સોમનાથ યાત્રિક)

આ ઉપરાંત સાળંગપુર હનુમાન મંદિર, શામળાજી મંદિર, પાવાગઢ, ડાકોર, ખેડબ્રહ્મા, બહુચરાજી, વગેરે તીર્થસ્થાનોએ પણ નવા વર્ષ નિમિત્તે શ્રદ્ધાળુઓએ ભગવાનના દર્શન કર્યા હતા. ભૂજના સ્વામિનારાયણ મંદિરમાં અન્નકૂટનું આયોજન કરાયું હતું.

# Chief Minister New Year

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નવા વર્ષની શરૂઆત ગાંધીનગરના પંચદેવ મંદિર થી કરી. પંચદેવ મંદિરમાં ભગવાનને પૂજા અર્ચના અને આરતી કરી . મુખ્યમંત્રીએ રાજભવનમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતની મુલાકાત લઇને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિકોને વિક્રમ સંવત ૨૦૮૨ના પ્રારંભે નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

(બાઇટ-મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

મુખ્યમંત્રીએ નૂતનવર્ષના પ્રારંભે અમદાવાદના ભદ્રકાળી માતાજીનાં દર્શન-પૂજન કરી, રાજ્યના નાગરિકોનાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રીએ એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે શહેરના શ્રેષ્ઠીઓ અને સામાન્ય નગરજનોને મળીને નવા વર્ષની શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કર્યું હતું.

આ અવસરે ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા, સહીત સ્થાનિક ધારાસભ્યો, આગેવાનો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રીએ નૂતન વર્ષ નિમિત્તે શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ ઓફિસર્સ મેસમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તથા તેમના પરિવારોને મળીને નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી પટેલે નવાવર્ષ નિમિત્તે ત્રિમંદિર ખાતે દર્શન પૂજન કર્યા હતા. અને નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

## Home Minister Amit Shah's birthday dinner

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ખાતે એક કાર્યક્રમમાં શહેરના ૧ હજાર ૫૦૦ સફાઈ કામદારોને સન્માનિત કરીને તેમની સાથે ભોજન સમારંભ યોજયો હતો અને તેમને સ્વેટરનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ અવસરે ખાસ ઉપસ્થિત રહીને શહેરને સ્વચ્છ રાખીને ગુજરાતને દેશ અને દુનિયામાં વિશેષ સ્થાન પર પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર સૌ સફાઈ કામદારો સાથે બેસીને ભોજન લીધું હતું.

નાયબ મુખ્યમંત્રીએ આ સફાઈ કામદારોના અવિરત અને નિષ્ઠાપૂર્ણ કાર્યની પ્રશંસા કરી હતી.

(બાઇટ-હર્ષ સંઘવી)

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## Amit shah birthday

વિક્રમ સંવત ૨૦૮૨ ના નૂતન વર્ષના પ્રથમ દિવસ અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિત શાહના જન્મ દિવસ બંનેનો સુભગ સુયોગ આજે રચાયો છે આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , વિધાન સભા અધ્યક્ષ શંકર ભાઇ ચૌધરી, પ્રદેશ ભાજપા અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહને અમદાવાદમાં તેમના નિવાસસ્થાને પ્રત્યક્ષ મળીને નૂતનવર્ષાભિનંદન અને જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

## Amberdi Safari Park

અમરેલી જિલ્લાના ધારી નજીક આંબરડી સફારી પાર્કમાં સિંહ દર્શન માટે પ્રવાસીઓની ભીડ ઉમટી રહી છે. દિપાવલી પર્વની રજામાં પ્રવાસીઓના ધસારાને ધ્યાને લઈ વન વિભાગ દ્વારા વધારાની છ બસો પણ મૂકવામાં આવી છે. પાર્કનો સિંહ દર્શનનો સમય ચાર કલાક સુધી વધારવામાં આવ્યો છે. આ અંગે એક અહેવાલ.

(વોઇસકાસ્ટ-હરેશ ટાંક, અમરેલી પીટીસી,)

## Helpline 112 VIKAS SAHAY, DGP

રાજયમાં વિવિધ તાત્કાલિક સેવાઓને પહોંચી વળવા માટે શરૂ કરવામાં આવેલી હેલ્પલાઇન 112 એ ઓછા સમયમાં ઘટનાસ્થળે પહોંચવામાં સફળતા મેળવી છે.

ડીજીપી વિકાસ સહાયે વધુમાં જણાવ્યું હતું કે, રાજયના ચાર મોટા શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં 112 હેલ્પલાઇનને કોલ મળે એટલે આઠ મિનિટમાં જ ઘટનાસ્થળે પહોંચીને એક નવી સફળતા મેળવી છે.

(બાઇટ-વિકાસ સહાય-ડીજીપી)

## The tradition of running cows

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના આદરીયાણા ગામે આજે નુતન વર્ષના પ્રારંભે વર્ષો જૂની પરંપરા નિભાવાઇ. આદરીયાણા ગામે બેસતા વર્ષે ગામના વડીલો અને ગ્રામજનો એકઠા થઈને પ્રશ્નોની ચર્ચા કરી નિરાકરણ લાવે છે ત્યારે માલધારીઓની ગાયોને દોડાવવાની પણ પરંપરા નિભાવવામાં આવે છે . આ અંગેની વધુ માહિતી આપે છે અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધિ દિનેશ પરમાર

(વોઇસ કાસ્ટ- દિનેશ પરમાર, સુરેન્દ્રનગર પીટીસી)

## Rain in Dang district

ડાંગ જિલ્લામાં આહવા તાલુકાના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા છે. મુખ્ય મથક આ હવામાં ભારે બફારા બાદ આજે બપોરે ગાજવી જ સાથે વરસાદ તૂટી પડ્યો હતો. જોરદાર ઝાપટા સાથે વરસાદ તૂટી પડતા સમગ્ર પંથકના રસ્તાઓ ઉપર પાણી ફરી વળ્યાં હતાં. અમારા ડાંગના પ્રતિનિધિ જણાવે છે કે આહવા સહિત બોરખેત અને ઘોઘલીમાં વરસાદ થતાં ઠંડકનો અનુભવ થયો હતો.

તાપી જીલ્લામાં આજે સાંજે વાતાવરણમાં પલ્ટો આવતાં ગાજવીજ સાથે વરસાદનાં ઝાપટાં પડ્યાં હતાં. વ્યારામાં આવેલા સ્ટેશન રોડ વિસ્તાર, મિશનનાકા, સહિતના વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ થયો હતો. વરસાદને પગલે ડાંગર પકવતા ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.